# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા : ૨૨/૪/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# બિઝનેસની સફળતાનો ઉપયોગ સમાજ સુધારણા તેમજ બીજાની પ્રગતિ માટે થવો જોઇએ : ડો. તૃપ્તિ પટેલ

## ચેમ્બર દ્વારા 'બિઝનેસમાં સફળતા માટેના ૭ મંત્ર' વિશે વેબિનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા બુધવાર, તા. ૨૧ એપ્રિલ, ૨૦૨૧ના રોજ 'બિઝનેસમાં સફળતા માટેના ૭ મંત્ર' વિષય ઉપર વેબિનાર યોજાયો હતો. જેમાં નિષ્ણાંત વકતા તરીકે મનોચિકિત્સક તેમજ રિલેશનશિપ એકસપર્ટ ડો. તૃપ્તિ પટેલ દ્વારા મહત્વનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ડો. તૃપ્તિ પટેલે જણાવ્યું હતું કે, બિઝનેસમાં તેમજ જીવનમાં સફળતા માટે સૌપ્રથમ બાબત એ છે કે પોતાની જાતને ઓળખો. આપણે કેવા પ્રકારના વ્યકિત છીએ અને હજી સારા વ્યકિત બનવા માટે આપણને શું કરવાની જરૂર છે તે બાબત જાણીને તે દિશામાં પ્રયાસ કરવો જોઇએ. બીજો મંત્ર એવો કે બિઝનેસમાં આવતા ઉતાર–ચઢાવથી કયારેય ગભરાવવું નહી. કોઇ સમસ્યા હોય તો તેનો ગભરાયા વગર સામનો કરવો જોઇએ. કોઇ સમસ્યાની સામે સરેન્ડર થવું જોઇએ નહી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, બિઝનેસ કલ્ચરમાં કોર વેલ્યુજ જેવી કે ટ્રસ્ટ, ઇકવાલિટી, ટ્રાન્સપરન્સી, કવોલિટી વિગેરેને ઓળખવી પડશે. બિઝનેસમાં સફળ થવા સારી આદતો કેળવવી પડશે. ચિંતા કરવી ખરાબ આદત છે. કામને ટાળવું, એકસાથે વધારે કામ લેવું અને કોઇને ના નહી પાડવી પણ ખરાબ આદત કહેવાય છે. કામને પ્રત્યે ફરિયાદ કરતા રહેવું ખરાબ આદત છે. કોઇને જજ કરીને તેના પ્રત્યે નિંદા કરવી પણ ખરાબ આદત છે. એના

કરતા પોઝીટીવ માઇન્ડ સેટ રાખવું જોઇએ. તમારા મગજ, શરીર અને આત્માને હંમેશા પોઝીટીવ રાખવું જોઇએ. એના માટે પુસ્તકો વાંચવા જોઇએ, મેડીટેશન કરવું જોઇએ, કસરત કરવી જોઇએ અને ડિજીટલ મિડિયાથી દૂર રહેવું જોઇએ.

બિઝનેસમાં સફળતા માટે ટીમ સ્પીરિટ વિશે તેમણે જણાવ્યું હતું કે, ટીમને હંમેશા એપ્રિશિએટ કરતા રહેવું જોઇએ. દરેકને ઇકવલ મોકો આપવો જોઇએ. કર્મચારીઓ ઉપર વિશ્વાસ રાખીને તેઓને જવાબદારી આપવી જોઇએ. કોઇ એકના ઉપર બ્લેમ નહી કરવું જોઇએ અને બ્લેમ પણ શેર કરવું જોઇએ. લોકોને જલ્દી માફ કરવું જોઇએ. સકસેસનું ક્રેડિટ બધાની સાથે શેર કરવું જોઇએ. બિઝનેસમાં ઉદ્‌ભવતી સમસ્યાઓને સમજવી જોઇએ. સમસ્યા બે પ્રકારની હોય છે. એક સમસ્યા એવી હોય કે જેનું નિરાકરણ લાવી શકાય અને બીજી સમસ્યા એવી હોય છે કે જેનું નિરાકરણ લાવી શકાતું નથી. આથી સમસ્યાઓને સમજીને તેને ખેંચવા કરતા તેના નિરાકરણ માટે વિચારવું જોઇએ.

ડો. તૃપ્તિ પટેલે વધુમાં કહયું હતું કે, બિઝનેસમાં ડિજીટલ માર્કેટીગનો ઉપયોગ કરવો જોઇએ. બિઝનેસમાં માત્ર રૂપિયા જ કમાવવાનો હેતુ કયારેય હોવો જોઇએ નહી. બિઝનેસની સફળતાનો ઉપયોગ સમાજ સુધારણા માટે તેમજ બીજાની પ્રગતિ માટે થવો જોઇએ.

ચેમ્બરના પ્રેસિડેન્ટ ઇલેકટ આશિષ ગુજરાતીએ વેબિનારમાં સ્વાગત પ્રવચન કર્યુ હતું. ચેમ્બરના વુમન આંત્રપ્રિન્યોર સેલના ચેરપર્સન સ્વાતિ શેઠવાલાએ વેબિનારનું સંચાલન કર્યુ હતુ અને કો–ચેરપર્સન જ્યોત્સના ગુજરાતીએ વકતાનો ટૂંકમાં પરિચય આપ્યો હતો. અંતે ચેમ્બરના ગૃપ ચેરપર્સન ડો. બંદના ભટ્ટાચાર્યએ સર્વેનો આભાર માની વેબિનારનું સમાપન કર્યુ હતું.